### તાલુકામાં 256 શાળાઓ, 37721 વિદ્યાર્થીઓ અને 1404 શિક્ષકો છતાં

# કપરાડામાં પ્રા.શિક્ષણ અધિકારી જ નથી

**ઇન્ચાર્જને** જવાબદારી : એચ. ટાટની 68 જગ્યા ખાલી

**ધો.1** થી 5માં શિક્ષકોની 56 જગ્યા ખાલી, સી.આર.સી.ની 7 જગ્યા ખાલી

**ઓરડા** તોડ્યા પણ નવા ન બન્યા, પંચાયતો, મંદિરોના હોલમાં ચાલતી શાળાઓ




વલસાડ : નીલોસી ગામની વલસાડ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાના આચાર્યએ ઓન લાઈન કામગીરીથી માનસિક ત્રાસ હોવા સહિતનો ઉલ્લેખ કરી આપઘાત કરવાની ઘટનાએ ફરી કપરાડા તાલુકાના પ્રાથમિક શિક્ષણ વિભાગને ચર્ચામાં લાવી છે. તો બીજી તરફ સૌથી ગંભીર બાબત એ છે કે, તાલુકામાં શિક્ષણ વ્યવસ્થા ઉપર નજર રાખવા, આચાર્યો, શિક્ષકોની વેદના, સમસ્યા સમજવા પૂર્ણ સમયના તાલુકા શિક્ષણ અધિકારી જ નથી. ઈન્ચાર્જ દ્વારા કામ ચલાવાઈ રહ્યું છે, જેથી શિક્ષકો પોતાની શિક્ષણ સંલગ્ન સમસ્યાઓ, મુશ્કેલીઓ કહે તો કોને કહે, વર્ષોથી સરકાર અહીં પૂર્ણ સમયના શિક્ષણ અધિકારીની નિમણૂંક કરવામાં બેદરકાર રહી છે. કપરાડા તાલુકા પંચાયતમાં પ્રમુખો બદલાયા, તાલુકા વિકાસ અધિકારી બદલાયા, ધારાસભ્યએ જીતની હેટ્રિક કરી પરંતુ કપરાડા તાલુકામાં આવેલી 256 જિલ્લા પંચાયત પ્રાથમિક શાળાઓમાં ધોરણ 1 થી 5 માં 56 અને એચ ટાટની 68 જગ્યા ખાલી છે, તો પૂર્ણ સમયના તાલુકા શિક્ષણ અધિકારીની જગ્યા, સી.આર.સી.ની ખાલી હોય શિક્ષણ વ્યવસ્થા ઉપર દેખરેખ રાખવામાં સમસ્યા ઊભી થઈ રહી છે.

### સ્ટાફ મુકાયો, ટી.પી.ઓ. ઇન્ચાર્જ

કપરાડા તાલુકામાં 256 પ્રાથમિક શાળાઓ, 1404 શિક્ષકો અને 37721 વિદ્યાર્થીઓ ઉપર નજર રાખવા, વ્યવસ્થા ઉભી કરવા, મુશ્કેલીઓનું નિવારણ કરવા પૂર્ણ સમયના શિક્ષણ અધિકારી જ નથી, એટલુ જ નહીં પરંતુ આખા તાલુકાના શિક્ષણનો વહીવટ કરતી તાલુકા શિક્ષણ કચેરીમાં લાંબા સમય બાદ વહીવટી કર્મચારીની ભરતી તો થઈ પરંતુ પૂર્ણ સમયના ટી.પી.ઓ.ની જગ્યા નથી ભરાઈ, ઇન્ચાર્જથી કામ ચલાવાઈ રહ્યું છે. જેને લઈ શિક્ષણ સંબંધિત અનેકવિધ સમસ્યાઓ ઊભી થઈ રહી છે.

### શૈક્ષણિક કામગીરી ઉપર ગંભીર અસર

જિલ્લામાં સૌથી વધુ કપરાડા તાલુકાની શાળાઓમાં એચ.ટાટ ની 68 જગ્યા ખાલી છે, તો તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ન હોય શિક્ષકોના એરિયર્સ કામગીરી, બિલ, પગાર પંચના સ્ટીકર, સેવાપોથીમાં એન્ટ્રી, વિદ્યાર્થી સંલગ્ન કામગીરી ઉપરાંત શૈક્ષણિક કામગીરી ઉપર ગંભીર અસર થઈ રહી છે.

### અનેક સ્થળે સી.આર.સી.ની જગ્યા ખાલી

ટુકવાડા, અસલ કાટી, વડોલી, મોટા ભવાડા, આસલોણા, સિલધા, હૂડા સી.આર.સી.ની જગ્યા ખાલી


ઉમેશ સોલંકી

# ઉમરગામના વંકાસની ખાડીમાં કંપનીનું માટી પુરાણ કરી દબાણ

**ઓલીવ** ઇકોપાક કંપની સામે ગ્રામ પંચાયતની લાલ આંખ, કડક કાર્યવાહીની ચીમકી

ઉમરગામ : ઉમરગામના વંકાસ ગામે ટોકરખાડીમા ખાનગી કંપનીએ માટી પુરાણ કરી દબાણ કર્યું હોવાની ફરિયાદો ઉઠતા ઓલીવ ઇકોપાક નામની કંપનીને ગ્રામ પંચાયતે નોટિસ ફટકારી છે.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ તાલુકાના વંકાસ ગામે ટોકરખાડી નજીક એક ખાનગી કંપની દ્વારા માટી પુરાણ કરી કુદરતી વહેણ ખાડી નદીમાં દબાણ કરવામાં આવી રહ્યુ હોવાની અને આનાથી ચોમાસામાં મોટી મુશ્કેલીનો સામનો કરવો પડશે તેવી ચિંતા સ્થાનિકોએ વ્યક્ત કરી ગ્રામ પંચાયતમાં ફરિયાદ કરતા વંકાસ ગ્રામ પંચાયત હરકતમાં આવી હતી અને ઓલીવ ઇકોપાક પ્રા.લિ નામક કંપનીને નોટિસ ફટકારી કુદરતી ખાડી નદીમાં વહેણમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કે દબાણ ન કરવા જણાવ્યું છે અને જો કોઈ દબાણ કરવામાં આવશે તો કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની નોંધ લેવા જણાવ્યું છે.

# નોકરી તથા બિઝનેસની લાલચે મહિલા સાથે લાખો રૂપિયાની ઠગાઈ

**વલસાડની** મહિલાને વર્કશોપ શરૂ કરવાના બહાને છેતરી તારાપુરના પિતા-પુત્રએ નાણાં પડાવતા ફરિયાદ

વલસાડ : વલસાડના અબ્રામા વિસ્તારમાં રહેતી એક મહિલાને નોકરી તથા બિઝનેસમાં પાર્ટનરશીપની લાલચ આપી વિવિધ બહાના હેઠળ આણંદના તારાપુરના પિતા-પુત્ર દ્વારા લાખો રૂપિયા પડાવી લઈ છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

અબ્રામા સ્થિત તુલસીવન ખાતે રહેતા બેલાબેન ગામીત શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. સોશિયલ મીડિયા પર માર્કેટિંગ પ્લેટફોર્મ મારફતે તેઓનો સંપર્ક આણંદના તારાપુર ખાતે રહેતા જયેશ બેલદાર સાથે થયો હતો. જયેશકુમારે જણાવ્યું હતું કે તે તારાપુર ચોકડી ખાતે ટ્રેક્ટરની ટ્રોલી બનાવવાનું કામ કરે છે અને ધરમપુર ચોકડી પાસે પણ નવો વર્કશોપ શરૂ કરવાનો છે. આ વર્કશોપનું હેન્ડલિંગ કરવા માટે બેલાબેનને માસિક રૂપિયા ૨૫,૦૦૦નો પગાર આપવા અને કામ સારું ચાલે તો ધંધામાં પાર્ટનરશીપ આપવાની લાલચ આપી વિશ્વાસ કેળવ્યો હતો.

ત્યારબાદ આરોપી જયેશકુમાર બેલદારે જરૂરિયાતનું બહાનું કાઢી બેલાબેન પાસેથી ઓનલાઈન નાણાં મેળવવાનું શરૂ કર્યું હતું. એટલું જ નહીં, પોતાના નામે લોન ચાલતી હોવાનું જણાવી જયેશકુમારે બેલાબેનના નામે વલસાડના ક્રોમા સેન્ટરમાંથી રૂપિયા ૪૪,૩૨૩ની કિંમતનો વીવો કંપનીનો સ્માર્ટફોન લોન પર ખરીદાવ્યો હતો. આ ફોન આપવા માટે બેલાબેન જ્યારે તારાપુર સ્થિત વર્કશોપ ગયા ત્યારે તેમની સોનાની ચેઈન ત્યાં પડી ગઈ હતી. જયેશકુમારે ચેઈન મળી ગઈ છે અને પરત આપી જશે તેવી ખાતરી આપી હોવા છતાં આજદિન સુધી તે ચેઈન પરત કરી નહોતી.

દરમિયાન જયેશકુમારના કહેવાથી તેના પુત્ર મંથન બેલદારના ખાતામાં પણ નાણાં ટ્રાન્સફર કરાવ્યા હતા. સમય વીતવા છતાં આરોપીઓએ વર્કશોપનું કામ શરૂ ન કરતાં અને ઉછીના લીધેલા નાણાં કે સોનાની ચેઈન પરત ન કરતાં બેલાબેનને પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થયો હતો. આરોપીઓએ બેલાબેન પાસેથી અલગ અલગ બહાને રૂપિયા ૧,૯૧,૨૭૫ની છેતરપિંડી આચરી હોવાનું સામે આવ્યું છે. બેલાબેન ગામીતની ફરિયાદના આધારે વલસાડ પોલીસે આરોપી જયેશ બેલદાર તથા મંથન બેલદાર (બંને રહે. શુકન સોસાયટી, મોરજ રોડ, તારાપુર, જિ. આણંદ) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સંઘપ્રદેશની શાળા-કોચિંગ સેન્ટરો માટે કડક નિયમો

**વિદ્યાર્થીઓની** સુરક્ષા, શિસ્ત અને શિક્ષકોની લાયકાત અંગે મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ

દમણ : સંઘપ્રદેશ પ્રશાસન દ્વારા શાળા શિક્ષણ નિયમાવલી-2026 અમલમાં મૂકવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા સત્તાવાર પ્રકાશિત કરાયેલા નિયમો હેઠળ સરકારી અને ખાનગી શાળાઓના સંચાલન, માન્યતા, શિક્ષકોની લાયકાત અને વિદ્યાર્થીઓની સુરક્ષા અંગે જોગવાઈઓ કરવામાં આવી છે.

નવા નિયમો મુજબ શિક્ષણ વિભાગની પૂર્વ મંજૂરી વિના કોઈ નવી શાળા, વધારાના વર્ગો કે કોચિંગ સેન્ટર શરૂ કરી શકાશે નહીં. હાલમાં કાર્યરત કોચિંગ અને ટ્યુશન સેન્ટરોએ પણ નિર્ધારિત ત્રણ મહિનાની અંદર મંજૂરી માટે અરજી કરવાની રહેશે.

નવી શાળા શરૂ કરવા માટે શૈક્ષણિક વર્ષના છ મહિના પહેલાં જાણ કરવી પડશે. ખાનગી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે સુવિધાઓ ફરજિયાત બનાવવામાં આવી છે.

વિદ્યાર્થીઓને શારીરિક સજા આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રેગિંગ, ગુંડાગીરી, તમાકુ તથા નશીલા પદાર્થોના ઉપયોગ સામે કડક જોગવાઈઓ કરવામાં આવી છે.

કોઈપણ માન્યતા પ્રાપ્ત શાળા બંધ કરવા માટે શિક્ષણ વિભાગની પૂર્વ મંજૂરી તથા છ મહિના અગાઉ લેખિત નોટિસ આપવી જરૂરી રહેશે.

# દમણ-દાનહમાં અસ્વચ્છતા બદલ 9 ખાદ્ય સંસ્થાઓ સીલ

**વહીવટી** તંત્ર દ્વારા સંસ્થાઓના નામ ગુપ્ત રખાતા કાર્યવાહી સામે ઉભા થયા સવાલો

દમણ : સંઘપ્રદેશમાં આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને દાનહ અને દમણ-દીવના આરોગ્ય વિભાગે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને અસ્વચ્છતા સામે વિશેષ તપાસ અભિયાન તેજ બનાવ્યું છે. પ્રશાસક પ્રફુલ પટેલના નિર્દેશ હેઠળ બુધવારે હાથ ધરાયેલા તપાસ અભિયાનમાં સ્વચ્છતાના નિયમોનું ગંભીર ઉલ્લંઘન કરનારી દમણની 3 અને દાદરા નગર હવેલીની 6 સહિત કુલ 9 ખાદ્ય સંસ્થાઓને આગામી આદેશ સુધી બંધ રાખવાના નિર્દેશ આપવામાં આવ્યા છે.

આરોગ્ય વિભાગના ખાદ્ય સુરક્ષા અધિકારીઓએ કરેલી તપાસ દરમિયાન ખાદ્ય પદાર્થો તૈયાર કરવાના સ્થળોએ ફ્લોર અને દીવાલો પર ગંદકીના થર, સફાઈની અપૂરતી વ્યવસ્થા તેમજ ખાદ્ય સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન સહિતની ગંભીર ખામીઓ સામે આવી હતી. જેના પગલે દમણની ત્રણ સંસ્થાઓને નોટિસ ફટકારી બંધ રાખવાના આદેશ અપાયા છે. તહેવારો દરમિયાન મીઠાઈ, માવો, પનીર, ઘી અને દૂધની બનાવટોમાં ભેળસેળ અટકાવવા વિશેષ દેખરેખ રાખવામાં આવી રહી છે. શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના નમૂના લઈ FSSAI માન્ય પ્રયોગશાળામાં તપાસ માટે મોકલવામાં આવી રહ્યા છે. તપાસમાં ભેળસેળ કે નિયમોના ભંગની પુષ્ટિ થશે તો સંબંધિત સંચાલકો સામે કાયદેસરની કાર્યવાહી કરાશે. આરોગ્ય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે જન આરોગ્ય સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં અને સમગ્ર સંઘપ્રદેશમાં તપાસ અભિયાન ચાલુ રહેશે. સાથે જ નાગરિકોને ખાદ્ય પદાર્થો ખરીદતી વખતે ગુણવત્તા અને એક્સપાયરી તારીખ ચકાસવા તથા ભેળસેળ કે અસ્વચ્છતા અંગે FSSAI હેલ્પલાઈન નંબર 1800-112-100 પર ફરિયાદ કરવા અપીલ કરવામાં આવી છે. જો કે, આરોગ્ય વિભાગે 9 ખાદ્ય સંસ્થાનો સામે આટલી મોટી કાર્યવાહી કરવા છતાં જે તે સંસ્થાનોના નામ જાહેર ન કરતા વિભાગની કાર્યવાહી સામે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

### નાનીવહિયાળમાં વૃદ્ધને ઝેરી નાગે ડંખ માર્યો

ધરમપુર : ધરમપુરના નાનીવહિયાળ મંદિર ફળિયામાં રહેતા છગન વારલી ઘરમાં અનાજ સંગ્રહવા માટેની કોઠી પાસે ધારિયું મૂકવા ગયા હતા. આ દરમિયાન કોઠીમાં છુપાયેલા કોબ્રાએ આંગળીમાં ડંખ માર્યો હતો. ઘટના બાદ પરિવારજનો તેમને સાંઈનાથ હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાં સર્પદંશના નિષ્ણાત ડો. ધીરુભાઈ પટેલે એન્ટિવેનોમના ડોઝ આપતા વૃદ્ધની તબિયતમાં સુધારો થયો છે. આ અંગે મુકેશ વાયાડને જાણ કરાતા, તેમણે ઝેરી નાગને પકડીને જંગલમાં મુક્ત કર્યો હતો. સાપ કરડે ત્યારે ત્વરિત હોસ્પિટલ પહોંચવું અત્યંત જરૂરી છે.

# દમણ-દીવ ભવનની જમીન પર ખાનગી હોટલનો વિવાદ હાઈકોર્ટમાં પહોંચ્યો

**જાહેર** હેતુ માટે ફાળવાયેલી જમીનનો વ્યાવસાયિક ઉપયોગ થતો હોવાનો આક્ષેપ

દમણ : દિલ્હીના ચાણક્યપુરી વિસ્તારમાં દમણ-દીવ અને લક્ષદ્વીપ ભવન માટે રાહતદરે ફાળવાયેલી જમીન પર ખાનગી જિંજર હોટલ ચલાવવામાં આવતી હોવાના આક્ષેપ સાથે હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. દમણના સતીશ શર્માએ કરેલી અરજીમાં જાહેર હેતુ માટે ફાળવાયેલી જમીનનો વ્યાવસાયિક ઉપયોગ થતો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અરજદારના જણાવ્યા અનુસાર, દાદરા નગર હવેલી અને દમણ-દીવના નાગરિકોને દિલ્હી ખાતે સસ્તા દરે રહેવાની સુવિધા મળે તે હેતુથી જમીન ફાળવવામાં આવી હતી. અગાઉ ભવનમાં રૂપિયા 500 થી 1,000 માં રૂમ મળતા હતા, જ્યારે હાલમાં જિંજર હોટલમાં પ્રતિદિન રૂપિયા 7,000 કે તેથી વધુ ભાડું ચૂકવવું પડતું હોવાનો દાવો કરાયો છે. જેના કારણે સારવાર, શિક્ષણ સહિતના કામો માટે દિલ્હી જતા સંઘપ્રદેશના નાગરિકોને આર્થિક બોજ સહન કરવો પડે છે. આ મામલે દિલ્હી હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ નીતિન વાસુદેવ સાંબરે અને ન્યાયમૂર્તિ સંજય શર્માની ખંડપીઠ સમક્ષ સુનાવણી યોજાઈ હતી. કોર્ટે જમીન ફાળવણીના મૂળ દસ્તાવેજો અંગે પૂછપરછ કરતાં ડીડીએના વકીલે અરજી મળ્યાના 15 દિવસમાં દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી હતી. કોર્ટે અરજદારને ચાર સપ્તાહમાં જરૂરી પુરાવા અને વિગતો સાથે સુધારેલી અરજી રજૂ કરવાની મંજૂરી આપી છે. આ કેસની આગામી સુનાવણી છ સપ્તાહ બાદ હાથ ધરાશે.

# પારડી કુંભારીયામાં JCB ચોરીના પ્રયાસમાં યુવક ઝડપાયો

**યુવકે** માનસિક સંતુલન ખોઈ બેસતા હોવાનું જણાતા હોસ્પિટલે ખસેડાયો


અમૃત પટેલ

પારડીઃ પારડીના કુંભારીયા ગામેથી એક ચોંકાવનારી અને ડ્રામાથી ભરેલી ઘટના સામે આવી છે. કુંભારીયા ગામે રાત્રિના એક ઈસમ અચાનક જ એક જેસીબી (JCB) ચાલુ કરી તેને લઈ જવાનો પ્રયાસ કરવામાં આવતા ગ્રામજનો ઈસમને રંગેહાથ ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, પારડી તાલુકાના કુંભારીયા ગામે એક જેસીબી પાર્ક કરેલું હતું. આ દરમિયાન એક અજાણ્યા ઈસમે જેસીબી ચાલુ કરી તેને ત્યાંથી હંકારી જવાનો પ્રયાસ કર્યો હતો. જેસીબીનો અવાજ અને અસામાન્ય ચાલ જોઈને આસપાસના ગ્રામજનોને શંકા ગઈ હતી. ગ્રામજનોએ તુરંત જ દોડી જઈને જેસીબીને રોક્યું હતું અને ચાલકને પકડી પાડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ કુંભારીયા ગામના સરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટના સ્થળે ભેગા થઈ ગયા હતાં. ઘટનાની જાણ પોલીસને થતા સ્થળ ઉપર દોડી આવી હતી અને આ અંગે તપાસ કરતાં આ ઈસમ નજીકના ખડકી ગામનો દિવ્યેશ પટેલ હોવાનું જાણવા મળ્યું હતું. વધુ તપાસમાં દિવ્યેશ પટેલ માનસિક રીતે અસ્થિર મગજનો હોવાનું સામે આવતા તેની માનસિક સ્થિતિને ધ્યાનમાં રાખીને સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ સમગ્ર ડ્રામા અને જેસીબી લઈ જવાની ઘટના નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની કેબીએસ એન્ડ નટરાજ કોલેજમાં વોલીબોલ સ્પર્ધા યોજાઈ



વાપી : વાપી ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમેરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત હેઠળ આંતર-કોલેજ વોલીબોલ (વુમન) સ્પર્ધાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અર્પણ ટાંચક (રોટરી ક્લબ ઓફ વાપી રીવર સાઈડ વાપી, પ્રેસીડન્ટ) મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજોની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં કેબીએસ એન્ડ નટરાજ કોલેજ ચેમ્પિયન તરીકે ઉભરી આવી હતી. જ્યારે વિદ્યાભારતી ટ્રસ્ટ સંકુલ સંચાલિત બીબીએ, બીસીએ કોલેજ, ઉમરાખ રનર્સ-અપ સ્થાન પર રહી હતી. સમગ્ર સ્પર્ધાનું આયોજન પ્રોફેસર ડો. મયુર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. પૂનમ ચૌહાણે ભાગ લેનાર ટીમો, વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ડાંગ જિલ્લામાં રસ્તાઓની મરામતની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ


ગિરીશ ભોયે

સાપુતારા : ચોમાસાની ઋતુમાં વરસાદે વિરામ લેતાની સાથે જ ડાંગ જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) નાં કાર્યપાલક ઈજનેર કેતનભાઈ કુંકણા દ્વારા નાગરિકોની સુવિધા અર્થે વિવિધ માર્ગો પર સઘન મરામત તેમજ પેચવર્કની કામગીરી હાથ ધરવામાં આવી છે. વાહનચાલકો, પ્રવાસીઓ અને રાહદારીઓને સુગમ, ખાડામુક્ત અને સલામત માર્ગો ઉપલબ્ધ થાય તે હેતુથી વિભાગના ઇજનેરો અને તક્નિકી ટીમ દ્વારા ફિલ્ડ પર ઉતરીને પૂરજોશમાં કામગીરી કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) દ્વારા વર્ષ દરમિયાન હાથ ધરાતી નિયમિત મરામત અને ગુણવત્તાયુક્ત પ્રિ-મોન્સૂન કામગીરીને કારણે ચાલુ ચોમાસા દરમિયાન વિભાગ હસ્તકના માર્ગોને ખૂબ જ નહિવત નુકસાન પહોંચ્યું છે. સામાન્ય ધોવાણ કે છૂટાછવાયા ખાડા પડ્યા હોય તેવા તમામ સ્થળોને તાત્કાલિક ચિહ્નિત કરી મટીરીયલ પાથરી સપાટ કરવાની કામગીરી પૂર્ણતાના આરે છે. વિભાગ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવ્યું છે કે અંતરિયાળ તેમજ મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર કોઈપણ અવરોધ વગર સતત ધબકતો રહે. બાકી રહેતી મરામતની કામગીરી પણ નિર્ધારિત સમયમર્યાદામાં ઉચ્ચ ગુણવત્તાના માપદંડો સાથે પૂર્ણ કરવા વિભાગ કટિબદ્ધ છે.

### સરીગામના નજીક કરજગામમાંથી નશાકારક કફ સીરપની 62 બોટલ સાથે શખ્સ ઝડપાયો


ઉમેશ સોલંકી

ઉમરગામ : સરીગામ નજીક કરજગામમાંથી નશાકારક કફ સીરપની 62 બોટલ કિંમત રૂપિયા 7130 ના જથ્થા સાથે 1 શખ્સને પોલીસે ઝડપી પાડ્યો છે. સરીગામ પોલીસ સ્ટેશનના પોલીસ કર્મીઓ બુધવારે પેટ્રોલિંગમાં હતા તે વખતે કરજગામ રાય ફળિયામાં ખુલ્લી જગ્યામાં એક શખ્સ ખભાના ભાગે ટીગાડેલ કીટ સાથે ઊભો હતો તેની ઉપર શંકા જતા કીટમાં શું છે તે અંગે પોલીસે પૂછતા કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો. પોલીસે કીટ તપાસતા કીટ માંથી કોડેઈન કફ સીરપની બાટલી નંગ 62 કિંમત રૂપિયા 7,130 નો જથ્થો મળી આવ્યો હતો. અને તે વગર પાસ પરમિટ નો હોય તહોમતદાર રોહિતકુમાર ઉર્ફે કાલીયા સંજય નિશાદ (રહે કરજગામ)ની અટક કરી મુદ્દામાલ પોલીસે કબજે લીધો હતો. પોલીસ પૂછપરછમાં સદર જથ્થો કીમ ચોકડીથી સલાસરા નહેરની બાજુમાં બિલ્ડીંગ છે અને ત્યાં મેડિકલ સ્ટોર છે ત્યાંથી વિશાલભાઈ નામના વ્યક્તિ પાસેથી લાવ્યો હોવાનું અને સરીગામ તથા કરજગામમાં માલ મંગાવનાર આશિકઅલી અને રીતેશ ધોડીને આપવાનો હોવાનુ બહાર આવ્યુ હતું. સરીગામ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### નવસારી-સિસોદ્રા રોડ પર સ્કૂલ બસની પાછળ મોપેડ અથડાતાં યુવતીનું મોત

નવસારીઃ નવસારી-સિસોદ્રા રોડ પર સ્કૂલ બસ અને મોપેડ વચ્ચે થયેલા અકસ્માતમાં ૨૨ વર્ષીય યુવતીનું કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક યુવતી ગંભીર રીતે ઇજાગ્રસ્ત બની છે. આગળ જઈ રહેલી એબી સ્કૂલની બસના પાછળના ભાગે મોપેડ અથડાતાં આ દુર્ઘટના સર્જાઈ હતી. અકસ્માતમાં મોપેડ પર સવાર યુવતીઓને ગંભીર ઇજાઓ પહોંચી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, મોપેડ પર ત્રણ વ્યક્તિ સવાર હતાં. દરમિયાન આગળ જઈ રહેલી સ્કૂલ બસના પાછળના ભાગે મોપેડ અથડાયું હતું. આ અકસ્માતમાં મૂળ સાબરકાંઠા જિલ્લાના ઈડરની ૨૨ વર્ષીય રિયા પ્રજાપતિને ગંભીર ઇજાઓ થતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે મોપેડ પર સવાર સુરત જિલ્લાની ફીઝા પટેલ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. યુવાન વયે રિયાના અકાળે અવસાનના સમાચારથી પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી છે. બનાવની જાણ થતાં નવસારી ગ્રામ્ય પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે અકસ્માત અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મોપેડ બસના પાછળના ભાગે કયા સંજોગોમાં અથડાયું હતું તે અંગે વધુ તપાસ શરૂ કરી છે.

### ખેરગામ માર્કેટ યાર્ડમાં બંધ પડેલી સ્ટ્રીટ લાઈટનો ટાવર ઝળહળ્યો



ખેરગામ : ચીખલી APMC સંચાલિત ખેરગામ માર્કેટ યાર્ડમાં દરરોજ મોટી સંખ્યામાં વાંસદા, ધરમપુર, ચીખલી અને વલસાડ સહિતના વિસ્તારમાંથી ખેડૂતો અને વેપારીઓ શાકભાજી તથા અન્ય કૃષિ પેદાશોના વેચાણ અર્થે આવે છે. પરંતુ માર્કેટમાં છેલ્લા કેટલાક સમયથી પ્રાથમિક સુવિધાઓની ભારે અવ્યવસ્થા બાબતે વેપારીઓ અને ગ્રાહકોમાં કચવાટ જોવા મળી રહ્યો હતો. ખાસ કરીને APMC માર્કેટ પ્રાંગણમાં આવેલો મુખ્ય સ્ટ્રીટ લાઈટનો હાઈમાસ્ટ ટાવર છેલ્લા ઘણા મહિનાઓથી બંધ હાલતમાં હતો. રાત્રિના સમયે તેમજ વહેલી સવારે જ્યારે માર્કેટમાં મોટા પાયે આવક થાય છે, ત્યારે અંધારાના કારણે અકસ્માત અને ચોરીનો ભય સતત હોવાથી અખબારી અહેવાલ થકી તંત્રને જગાડવાનો પ્રયાસ કરાયો હતો. આથી જાગેલા તંત્રએ ખેરગામ માર્કેટ યાર્ડનો સ્ટ્રીટ લાઈટનો બંધ ટાવર ચાલુ કરી દીધો હતો. જેને કારણે વેપારીઓને રાહત થઈ છે.